બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦)

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, બારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ મહારાજ - સુંદરજી સુતારને (૭/૪૩)

➪ નવા પરમહંસોની મંડળી રામદાસ સ્વામી સાથે ભુજ આવી. ત્યારે મહારાજ સુંદરજીને દરેકનો પરિચય કરાવતાં કહે છે.

૨. ➪ વિલિયમ્સ - બિશપ હેબરને (૨૪/૧૨૪)

➪ વડોદરામાં કલેક્ટર વિલિયમ્સ બિશપ હેબરને શ્રીજીમહારાજે કરેલ સમાજસુધારાના અને ધર્મસુધારાના કાર્યનો મહિમા કહેતાં કહે છે.

૩. ➪ મહારાજ - પરમહંસોને (૧૩/૮૪)

➪ ગામડે ફરીને પાછા ગઢડે આવેલા પરમહંસોના મંડળોને સૌનાં ખબર પૂછયાં અને પછી પૂછે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. આણંદ શહેરના આગેવાનોએ શ્રીજીમહારાજની માફી માંગી. (૧૭/૯૭)

જ. નિર્મત્સર સંતને અને મહારાજને નગરજનોએ દુઃખવ્યા એ ખોટું કર્યું. આમ વિચારી શહેરના આગળ પડતા લોકોએ વરતાલ આવી મહારાજની માફી માગી.

૨. જગજીવન પગ પછાડી ઘરની બહાર નીકળી ગયો. (૮/૫૭)

જ. જગજીવનના પ્રશ્નના જવાબમાં મહારાજે કહ્યું : ‘હા હું જ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પુરુષોત્તમ છું. હું જ રાધા-લક્ષ્મીનો નાથ છું. શાસ્ત્રોમાં મારો મહિમા કહ્યો છે.’ આ સાંભળી જગજીવન ખિજાઈ રાતોચોળ થઈ પગ પછાડીને ઘરની બહાર નીકળી ગયો.

૩. લાડુબા તથા જીવુબાને શ્રીજીમહારાજને ગઢડામાં રોકવાનું બહાનું રહ્યું નહીં. (૫/૩૨)

જ. વાસુદેવ નારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા કરી મહારાજે કહ્યું : આ મૂર્તિમાં હું અખંડ રહ્યો છું. આ મૂર્તિમાં રહીને હું તમારું સર્વ કાંઈ ગ્રહણ કરીશ. આ મૂર્તિઓની નિત્યપૂજા, થાળ વગેરે કરવાનું મહારાજે બેચર ભટ્ટને સોંપ્યું તેથી લાડુબા તથા જીવુબાને શ્રીજીમહારાજને રોકવાનું બહાનું રહ્યું નહીં.

**પ્ર.૩** ‘મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ’ (૨/૧૪) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

મહારાજે સમાધિ પ્રકરણ ચાલુ કર્યું. તે વાત સાંભળીને મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ આવી નહિ. તેથી મેઘપુરમાં મુક્તાનંદ સ્વામીએ મહારાજને એકાંતમાં ઠપકો આપ્યો કે ‘મહારાજ દિયો .... અમે ન મનાય.’ ત્યારે મહારાજે કહ્યું સૌ હરિભક્તો રામાનંદ સ્વામીનું ભજન કરે છે. તેમ કરતાં કેટલાકના નાડી પ્રાણ તણાઈને સમાધિ થાય છે. ત્યારે મુક્તાનંદ સ્વામીના શિષ્ય સંતદાસને પણ સમાધિ થાય છે. તેઓ જાગૃત થઈ સમાધિની વાત કરતા કહે છે કે દિવ્ય સિંહાસન પર મહારાજ બિરાજેલા હતા અને ગુરુ રામાનંદ સ્વામી, શિવ, બ્રહ્માદિક દેવો, ઋષિઓ અને અવતારો મહારાજની સ્તુતિ કરતા હતા. પછી રામાનંદ સ્વામીએ મને કહ્યું કે મુક્તાનંદ સ્વામી કેમ માનતા નથી ? સાચી વાત ખોટી નહિ ઠરે. અંતે સૌને સાચી વાત સમજાશે. છતાં તેમને સંતોષ થયો નહિ. મનમાં શાંતિ વળી નહિ. કાલવાણીમાં મુક્તાનંદ સ્વામી દિશાએ જઈને આવતા હતા ત્યાં રામાનંદ સ્વામીએ દર્શન દઈને કહ્યું મેં નહોતું કહ્યું કે હું તો ડુગડુગીનો વગાડનારો છું, ખેલના ભજવનાર તો હજી હવે આવશે ! તે આ વર્ણી છે. રૂની આખી ગંજીના કાંતનારા આપણા ઈષ્ટદેવ છે. ત્યારે મુક્તાનંદ સ્વામીનો સંશય ટળી ગયો. અને ‘ભ્રમણા ભાંગી રે....’ કીર્તન બનાવ્યું. ઉતારે આવી રામાનંદ સ્વામીનો ગાદી, તકિયો, પાદુકા ઉતરાવી. મહારાજને પરાણે પાદુકા પહેરાવી. મહારાજને ઉપાડીને રામાનંદ સ્વામીના આસને બેસાડી ચંદન ચર્ચી, ફૂલની માળા પહેરાવી અને ‘જય સદ્‌ગુરુ સ્વામી.....’ આરતી બનાવી. તે દિવસ હતો સંવત ૧૮૫૯ના કાર્તિક સુદ દશમીનો.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. મહારાજે ૫૦૦ પરમહંસોને કાલવાણીમાં દીક્ષા આપી. (૬/૩૯)

૨. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિ સંતોને હોરીનાં પદો રચવાની આજ્ઞા કરી. (૧૧/૭૫)

૩. શ્રીજીમહારાજે લાલજી સુથારને દીક્ષા આપી નિષ્કુળાનંદ નામ આપ્યું. (૩/૨૮)

૪. અમ જેવા તો અમે એક જ, આગલ્યા બધા તો અવતાર અને અમે અવતારી. (૨૧/૧૧૩)

૫. તમે બધા શીદ રોવો છો ? કોઈ મરી ગયું છે ? (૨૯/૧૪૯)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨, (૨૪/૧૨૨) **૨.** ૨, ૩ (૮/૫૦)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. રાજકોટ (૨૯/૧૪૪) ૨. ગઢડા (૨૯/૧૫૧) ૩. તેજા ભક્ત (૨૪/૧૨૮) ૪. સ્વરૂપાનંદ સ્વામી (૧/૬)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ પ્રેમાનંદ સ્વામી - મહારાજને (૨/૧૨)

➪ અષાઢ માસની નિયમની એકાદશીએ એક વખત મહારાજ સૌને ચાતુર્માસના વિશેષ નિયમો આપતાં હતાં ત્યારે.

૨. ➪ શાસ્ત્રીજી મહારાજ - જાગા ભક્તને (૭/૫૫)

➪ જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને કહ્યું : તું ન કરે ? ત્યારે પરિસ્થિતિનું વર્ણન કરતાં કહે છે.

૩. ➪ મહારાજ - લાડુબાને (૬/૪૩)

➪ એક વખત લાડુબાને સંશય થયો કે દુર્વાસા બધી ગોપીઓનો થાળ એકલા જમી ગયા તે સાચું હશે ? તેમણે મહારાજને પૂછાવ્યું ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. કૃષ્ણજી અદાએ હિમરાજભાઈ સાથેનો સંબંધ કાયમ માટે કાપી નાંખ્યો. (૮/૬૪)

જ. શાસ્ત્રીજી મહારાજની વધતી મહત્તાથી દ્વેષી હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને રાજકોટ મંદિરમાં ન રહેવા દેવા જોઈએ તેવું નિવેદન તૈયાર કર્યું. આ ખરડામાં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હિમરાજભાઈએ સહી કરી છે તેવું જાણ્યું તેથી કૃષ્ણજી અદાએ તેમનો સંબંધ ભગવાનના સાચા ભક્તનો પક્ષ રાખવા માટે કાપી નાખ્યો.

૨. દાદાખાચરે શ્રીજીમહારાજના કહેવા છતાં પણ બાઈનું માથું કાપ્યું નહિ. (૫/૩૮)

જ. બાઈએ દરબારમાંથી ચોવીસો રૂપિયાની ચોરી કરી હતી. આ વાતની મહારાજને ખબર પડતાં દાદાખાચરને બાઈનું માથું કાપી નાખવાનું કહ્યું. ત્યારે દાદાખાચર મહારાજને કહે છે બાઈ વૃદ્ધ છે અને વળી તમારું નામ જપે છે તેને કેમ મરાય ?

**પ્ર.૯** 'અયોધ્યાપ્રસાદજી મહારાજને ગુણાતીતાનંદ દસ્વામી પ્રત્યે પૂજ્યભાવ' (૪/૩૦) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે ખૂબ પૂજ્ય ભાવ હતો. સંવત ૧૯૨૩ની સાલમાં આચાર્યશ્રી માંદા પડ્યા ને તેર ઉપવાસ થયા. કેટલીક માનસિક અશાંતિ પણ હતી. તેથી ખાસ ગુણાતીતાનંદ સ્વામીને અમદાવાદ તેડાવ્યા. સ્વામીશ્રીનું અદ્‌ભૂત સન્માન કર્યું. સ્વામીને જોઈને આચાર્ય મહારાજ ગદ્‌ગદ્ થઈ ગયા ને બોલ્યા 'સ્વામી ! આપના દર્શનથી મને શાંતિ થઈ ગઈ.' ત્યારબાદ સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'કર્તા શ્રીજીમહારાજ છે. એમની મરજી અનુસાર બધું થાય છે. આપે તેર દિવસથી અન્ન લીધું નથી તો કાંઈક જમો. અને ઉદાસીનતા રાખશો નહિ મહારાજ સારું કરશે.' સ્વામીની આજ્ઞાથી અયોધ્યાપ્રસાદજી મહારાજ જમ્યા. અને આચાર્ય મહારાજના પુત્ર કેશવપ્રસાદજી મહારાજનું અંતઃકરણ સ્વામીની વાતોથી રંગાઈ ગયું અને પોતાની રજોગુણી પ્રવૃત્તિનો ત્યાગ કર્યો. રોજ સાંજે કથામાં બેસવા લાગ્યા. આચાર્ય મહારાજના આગ્રહથી સ્વામી બીજે દિવસે સંત મંડળ સાથે હવેલીમાં જમવા પધાર્યા. આચાર્ય મહારાજે સ્વામી માટે સોનાનો થાળ મંગાવ્યો. ને સ્વામીને સોનાના થાળમાં જમવા પ્રાર્થના કરી. 'હે સ્વામી ! આપ તો મહારાજનું સ્વરૂપ છો તેથી આપને આ થાળમાં જમવામાં બાધ નથી. આપને કંચન અને કચરો બધું સરખું છે. તેથી કૃપા કરી થાળમાં જમો.' સ્વામી તેમનો ભાવ જોઈ રાજી થયા. પરંતુ શ્રીજીમહારાજની આજ્ઞામાં રંજ માત્ર ફેર ન પડવા દેવો. એવો આગ્રહ સ્વામીનો હતો. તેથી પત્તરને સોનાના થાળમાં મૂકી બાજરાનો રોટલો ને દાળ જમ્યા. સ્વામીનાં દર્શન સમાગમથી આચાર્ય મહારાજને અંતરમાં શાંતિ થઈ ગઈ.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. મૂળજી બ્રહ્મચારી નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી શ્રીજીમહારાજને તેમના હાથની કરેલી સેવા ગમતી. (૩/૨૪)

૨. અયોધ્યાપ્રસાદજી મહારાજનો જન્મ સંવત ૧૮૬૫ના જેઠ સુદ એકાદશીના દિને થયો હતો. (૪/૨૭)

૩. શ્રીહરિદિગ્વિજય ગ્રંથ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ લખ્યો છે. (૧/૮)

૪. શ્રીજીમહારાજે દાદાખાચરના વિવાહ ફરીથી જસુબા સાથે કરાવ્યા. (૫/૩૮)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : કૃષ્ણજી અદા (૮/૬૧)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૨ | ૩ | ૫ | ૭ | ૧૦ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૭ | ૧૨ | ૩ | ૨ | ૫ | ૧૦ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **દાદા ખાચર :** ત્યારે કોઈ **શત્રુઓ ગઢપુર** ઉપર વાર લઈને ચઢી આવ્યા. **મહારાજ**ને આની ખબર પડી, તેઓ તેમના ઉતારામાં ગયા, બખ્તર પહેર્યું, ઢાલ અને તલવાર ધારણ કર્યા. (૫/૩૫)

૨. **પ્રેમસખી પ્રેમાનંદ :** જેને આ કીર્તનમાં કહ્યું : એવી રીતનું **ચિંતવન** થતું હોય તે તો **કાળ, કર્મ** ને **માયાના** પાશ થકી મુકાયો છે.' (૨/૧૩)

૩. **મુકુંદાનંદવર્ણી :** મને **મહારાજ** ક્યાં પાસે રહેવા દે છે ? હું **દોઢ** મણ કેરીનો ટોપલો ઉપાડીને આવ્યો પણ **મહારાજે** તો **'નારાયણ'** પણ કહ્યા નહિ. (૩/૨૩)

૪. **ભક્તરાજ લાડુબા :** અમે તો **સત્સંગમાંથી** જતા જ નથી. પ્રગટ જ છીએ. **ગોપીનાથજીની મૂર્તિમાં** રહીને તમને દર્શન આપીશું. (૬/૪૫)

## (વિભાગ - ૩ : નિબંધ)

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **અભાવ-અવગુણ ઝેર પીવાનો રસ્તો : (૧)** કોઈનો પણ અભાવ લેવો, અવગુણ લેવો એ ઝેર પીવાનો માર્ગ - ઝેર પીવાથી તો માણસ એક જ વાર મૃત્યુ પામે - પરંતુ અભાવ-અવગુણ લેવાનો સ્વભાવ હોય તે તો ક્ષણે ક્ષણે મૃત્યુ પામે. **(૨)** અભાવ-અવગુણ લેવાથી સત્સંગમાંથી પડી જવાય. નાના હરિભક્તોનો અવગુણ લેવાનો સ્વભાવ હોય તો છેક ભગવાનનો પણ અભાવ-અવગુણ આવે. તેથી મોક્ષનો માર્ગ બંધ થઈ જાય. યોગીજી મહારાજની અભાવ-અવગુણની વ્યાખ્યા. **(૩)** શ્રીજીમહારાજથી લઈને ગુરુપરંપરાના અભાવ-અવગુણ વિષેના વિધાનો (પ્રસંગો) અભાવ-અવગુણ વિષે દરેકનો અણગમો - અરુચિ. (પ્રસંગો) **(૪)** માટે જ જાણી જોઈને ઝેર પીવાના રસ્તે ન જવું - જેનો અભાવ-અવગુણ આવે ત્યારે તેના ગુણને આગળ કરવો - તેની માફી માંગી લેવી. ભગવાન અને સંત તેને નિભાવે છે તો આપણે શા માટે તેનો અવગુણ લેવો ? એમ વિચારવાથી આવેલ અભાવ અવગુણ ટળી જાય. **(૫)** આપણે જીવનમાં આગળ વધવા માટે, કલ્યાણયાત્રામાં વિઘ્ન ન આવે માટે એવો સ્વભાવ ટાળવો - અને એવા સ્વભાવનો ત્યાગ કરીને ભક્તિ કરવી. - ઉપસંહાર.

૨. **પૂજાવિધિ : બી.એ.પી.એસ. સંસ્થાની ચેતના જ્યોત : (૧)** પૂજા એટલે ભારતીય ભક્તિ પરંપરાનું એક વિલક્ષણ સ્વરૂપ. આ પૂજા એ ફક્ત કર્મકાંડ નથી પણ પરમાત્મા પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ. **(૨)** પ્રાતઃકાળે નિત્યપૂજા, ધ્યાન-માનસી, મહાપૂજા, યજ્ઞપૂજા, અભિષેક વગેરે પૂજાવિધિના સારરૂપ ભગવાન સ્વામિનારાયણ દ્વારા નિત્યપૂજાનું નવલું સાધન - આ પૂજાવિધિથી નિત્યભક્તિનો આનંદ - યોગી પુરુષોના ગહન ધ્યાનને ભગવાન સ્વામિનારાયણે સામાન્ય માનવી માટે માનસી પૂજા દ્વારા સહજ સરળ બનાવી દીધું. **(૩)** ભગવાન સ્વામિનારાયણના આ પૂજા આદેશને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ

ગ્રામીણ આદિવાસી ખેડૂતોથી લઈને વિશ્વના મહાનગરો સુધી વિસ્તર્યો છે. (૪) ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખવાથી ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે છે. (વચ.ગ.મ.૧૬) તે માટે નિત્યપૂજા, દરરોજ સંધ્યાવંદન, સ્વાધ્યાયનો પાઠ, જીવનપર્યંત અગ્નિહોમ આ બધા નિત્યપૂજાના અંગો છે. (૫) આમ, નિત્યપૂજાની શ્રીજીમહારાજ દ્વારા વિશેષ પધ્ધતિ - દરેક વ્યક્તિની પૂજા જુદી - દરરોજ સવારે દરેક વ્યક્તિ પૂજા કરે - આ પૂજાની આદર્શ રીત શીખવા માટે સામૂહિક પૂજાની ઝુંબેશ - તેના ફળસ્વરૂપે આજે લાખો હરિભક્તો તિલક-ચાંદલા સહિત નિત્ય પૂજા કરે છે. આ પૂજા માટે તાલીમ અપાય છે. આ નિત્યપૂજા તે દરેક હરિભક્ત માટે જીવનસાધના બની ગઈ છે. (૬) બી.એ.પી.એસ.ના દરેક અનુયાયીઓ (નાના બાળકથી માંડીને મોટા વડીલો સુધી) નિત્ય પૂજા કરવાનું ચૂકતા નથી. જ્યાં સુધી પૂજા ન કરે ત્યાં સુધી પાણીનું ટીપું સુધ્ધાં લેતા નથી. પૂજા ન થાય તો ઉપવાસ કરનારે આવો વિશાળ સમુદાય આ સંસ્થામાં છે. આ પૂજાવિધિમાં માનસીપૂજા, અભિષેક, મહાપૂજા વગેરેનો સમાવેશ થાય છે. (૭) સ્વામીશ્રીની નિત્યપૂજા તો વર્ષોથી ઉત્સવમાં ફેરવાઈ ગઈ છે. લાખો લોકો સ્વામીશ્રીની નિત્ય પૂજાનાં દર્શન કરી કૃતાર્થતા અનુભવે છે. અનેકને તેમાંથી આધ્યાત્મિક માર્ગદર્શન પણ મળે છે. - ઉપસંહાર.

૩. **પ્રમુખસ્વામી મહારાજની કાર્યનિષ્ઠા :** (૧) પ્રમુખસ્વામી મહારાજ કાર્યનિષ્ઠ સંત - સ્વામીશ્રીની કર્મઠતા ઊડીને આંખે વળગે તેવો ગુણ. (૨) સાધુની દીક્ષા લીધી ત્યારથી પોતાના કાર્યમાં નિષ્ઠા - સંસ્થાના પ્રમુખપદે નીમાયા તે દિવસથી પોતાનો દેહ ગુરુ, ઈષ્ટદેવ અને સંસ્થા માટે તથા હરિભક્તો માટે કૃષ્ણાર્પણ. (પ્રસંગો) (૩) સતત વિચરણ, સતત પધરામણી - ભૂખ, તરસ, થાક, નિદ્રાને અવગણીને પોતાના કાર્યોને દૃઢતાપૂર્વક પાર પાડવાનો ગુણ (પ્રસંગો લેવા) (૪) સ્વામીશ્રીની પોતાની દિનચર્યામાં મિનિટે મિનિટનો આયોજનપૂર્વક સદુપયોગ - એક મિનિટ પણ સ્વામીશ્રીની કાર્ય વગર પસાર થતી નથી. (પ્રસંગો) સ્વામીશ્રી પાસે સમયનું સુંદઢ આયોજન. (પ્રસંગો) (૫) એક મોટા રાજ્ય જેવી વિશાળ સંસ્થાના પ્રમુખ - કેટલો તેમના શિરે કાર્યભાર - છતાં હળવાફૂલ 'હરિ અક્ષર હળવા ફૂલ' - પોતાનું આહનિક કાર્ય, માળા, પૂજા વગેરે સમયસર - સમય પ્રમાણે જ કાર્ય કરવાની, સમય સાચવવાની ચોક્સાઈ એ ખૂબ મોટો ગુણ - આટલી પ્રવૃત્તિમાં પણ રોજ રોજ મળેલ પત્રોના જવાબ યથાયોગ્ય રીતે આપવાનું સ્વામીશ્રી ચૂકતા નથી. (પ્રસંગો) ૯૦ વર્ષની ઉંમરે પણ સમય સાથે તાલ મિલાવવાની સ્વામીશ્રીની કાર્યપધ્ધતિ તે જ તેઓની અજોડ કાર્યનિષ્ઠા. - ઉપસંહાર.

❑ ❑ ❑